

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગરવી ગુજરાત

Volume : 17
Issue : 325
Dt.: 04-08-2025,
Monday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### ડાયાબિટીઝથી લઈને હૃદયના દર્દીઓને મળશે મોટી રાહત

# સરકારે ૩૫ જેટલી જરૂરી દવાઓના ભાવ ઘટાડ્યા

## સરકારના આ નિર્ણયથી બાળકો અને ક્રિટિકલ પેશન્ટ્સને રાહત મળશે કેટલીક મુખ્ય ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન્સની કિંમતો ઘટાડવામાં આવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશભરમાં દર્દીઓને મોટી રાહત આપવા માટે નેશનલ ફાર્માસ્યૂટિકલ પ્રાઈઝિંગ ઓથોરિટીએ ૩૫ જરૂરી દવાઓના ભાવ ઘટાડી દીધા છે. આ દવાઓ ઘણી મોટી ફાર્મા કંપનીઓ દ્વારા વેચવામાં આવે છે અને તેમાં એન્ટી ઈન્ફલેમેટરી, હાર્ટ, એન્ટિબાયોટિક, ડાયાબિટીઝ અને સાઈકિએન્ટ્રિક જેવી મહત્વની દવાઓ સામેલ છે. કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સ મંત્રાલયે એનપીપીએના પ્રાઈઝ રેગ્યુલેશનના આધારે આ નોટિફિકેશન જાહેર કર્યું છે. નવા ભાવ લાગુ થયા પછી લાંબી બિમારીનો



સામનો કરી રહેલા દર્દીઓને સીધો ફાયદો થશે. નોટિફિકેશન મુજબ, કેટલીક મુખ્ય ફિક્સ્ડ ડોઝ કોમ્બિનેશન્સની કિંમતો ઘટાડવામાં આવી છે, જેમાં એસિકલોફેનેક-પેરાસિટામોલ-ટ્રિપ્સિન કાઈમોટ્રિપ્સિન, એમોક્સિસિલિન અને પોટેશિયમ કલેવુલાનેટ, એટોરવાસ્ટેટિન કોમ્બિનેશન્સ અને નવા ઓરલ એન્ટી-ડાયાબિટિક કોમ્બિનેશન્સ જેમ કે એમ્પાગ્લિફલોઝિન, સિટાગ્લિપ્ટિન અને મેટફોર્મિનનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, ડૉ. રેડ્ડીઝ લેબ્સ દ્વારા માર્કેટ કરવામાં આવતી એક એસિકલોફેનેક-પેરાસિટામોલ-ટ્રિપ્સિન કાઈમોટ્રિપ્સિન ટેબલેટ હવે ૧૩ રુપિયામાં મળશે, જ્યારે કેડિલા ફાર્માસ્યુટિકલ્સની એ જ ટેબલેટ ૧૫.૦૧ રૂપિયામાં ઉપલબ્ધ થશે.

હાર્ટ પેશન્ટ્સ માટે મહત્વની માનવામાં આવતી એટોરવાસ્ટેટિન ૪૦ એમજી અને ક્લોપિડોગ્રેલ ૭૫ એમજીની ટેબલેટનો ભાવ હવે ૨૫.૬૧ રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે. બાળકો માટે સીફિક્સાઈમ-પેરાસિટામોલ ઓરલ સસ્પેન્શન પણ આ લિસ્ટમાં છે. તે જ રીતે, વિટામિન Dની જરૂરિયાત પૂરી કરવા માટે કોલેકેલ્સિફેરોલ ડ્રોપ્સ અને દુખાવો અને સોજા માટે ડાઈક્લોફેનેક ઈન્જેક્શન (૩૧.૭૭ રૂપિયા પ્રતિ મિલી)નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. NPPAએ કહ્યું કે તમામ રિટેલર્સ અને ડીલર્સને તેમના સ્ટોર પર નવી પ્રાઈસ લિસ્ટ સ્પષ્ટ રીતે ડિસ્પ્લે કરવી પડશે. જો કોઈ નક્કી કરેલી કિંમતો કરતાં વધુ ચાર્જ કરે છે, તો તેના પર DPCO ૨૦૧૩ અને Essential Commodities Act 1955 હેઠળ દંડ અને વ્યાજ સહિત વધારાની વસૂલાતની કાર્યવાહી થઈ શકે છે. નવી કિંમતો GST વિના નક્કી કરવામાં આવી છે અને ઉત્પાદક કંપનીઓને આ કિંમતો અનુસાર અપડેટેડ લિસ્ટ ફોર્મ Vમાં Integrated Pharmaceutical Database Management System પર અપલોડ કરવી પડશે. આ માહિતી NPPA અને રાજ્ય ઔષધ નિયંત્રકોને પણ મોકલવી પડશે. આ નોટિફિકેશન લાગુ થતાં જ અગાઉ જારી કરેલા તમામ જૂના પ્રાઈસ ઓર્ડર રદ માનવામાં આવશે. NPPA, જે કેમિકલ્સ અને ફર્ટિલાઈઝર્સ મંત્રાલય હેઠળ કામ કરે છે, દેશમાં દવા કિંમતો નક્કી અને મોનિટર કરતી મુખ્ય સંસ્થા છે.

### શ્રદ્ધાળુઓ ભરેલી કાર નહેરમાં ખાબકી

## ઉત્તર પ્રદેશના ગોંડામાં એક મોટી દુર્ઘટના; ૧૧ લોકોના કરૂણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોંડા

ઉત્તર પ્રદેશના ગોંડામાં એક મોટો અકસ્માત થયો છે. એક વાહન નહેરમાં પડતાં ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા છે. ઘટનાની માહિતી મળ્યા બાદ તમામ વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી રહ્યા છે. મુખ્યમંત્રી યોગીએ ઘટનાની નોંધ લીધી છે અને ઘાયલોને તાત્કાલિક યોગ્ય સારવાર આપવાના આદેશ આપ્યા છે.



આ અકસ્માત ગોંડાના ઈટિયાથોક પોલીસ સ્ટેશન વિસ્તારના રાહતા બેલવા વિસ્તારનો છે, આ ઘટના બહુતા ગામ પાસે નહેરમાં બની હતી. જણાવવામાં આવી રહ્યું છે કે મોતીગંજ પોલીસ સ્ટેશનના સિહાગાંવના રહેવાસી પ્રહલાદ ગુપ્તાનો પરિવાર બોલેરો કારમાં પૃથ્વીનાથ મંદિરના દર્શન કરવા જઈ રહ્યો હતો. આ દરમિયાન દેવરિયા રોડ પર રેહરા ગામ નજીક વાહન નહેરમાં પડી ગયું અને ૧૧ લોકોના મોત થયા.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, બોલેરો વાહનમાં કુલ ૧૫ લોકો સવાર હતા, જેમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. વાહન બેલવા બહુતા માજરા રેહરા પહોંચતા જ ડ્રાઈવરે અચાનક વાહન પરનો કાબુ ગુમાવ્યો અને વાહન સીધું સરયુ નહેરમાં પડી ગયું. ત્યાંથી પસાર થતા લોકોએ તાત્કાલિક એલાર્મ વગાડીને સ્થાનિક ગામના વડા અને પોલીસને જાણ કરી. માહિતી મળતાં જ ઈટિયાથોક પોલીસ સ્ટેશન ઘટનાસ્થળે પહોંચી ગયું અને સ્થાનિક લોકોની મદદથી બચાવ કામગીરી શરૂ કરવામાં આવી.

મૃતકોમાં પુરુષો, મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. બાકીના ચાર લોકોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પોલીસે તમામ મૃતદેહોને કસ્ટડીમાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતકોના પરિવારોમાં અરાજકતા છે અને ગામમાં શોકનું વાતાવરણ છે. સ્થાનિક વહીવટીતંત્રે તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી શરૂ કરી છે અને અસરગ્રસ્ત પરિવારોને શક્ય તમામ મદદ કરવાની ખાતરી આપી છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું છે. તેમજ અધિકારીઓને ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવા અને સારવાર આપવા સૂચના આપવામાં આવી છે. અકસ્માતની માહિતી મળતાં જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. વહીવટી અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃતકોના પરિવારોને સરકારી વળતર આપવાની પ્રક્રિયા તાત્કાલિક શરૂ કરવામાં આવશે.

જ્યારે, સીએમ યોગીએ આ ઘટનાની નોંધ લીધી છે. સીએમઓ વતી કહેવામાં આવ્યું છે કે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગોંડામાં થયેલા અકસ્માતની નોંધ લીધી છે અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

તેમણે અધિકારીઓને ઘટનાસ્થળે પહોંચી રાહત કાર્ય ઝડપી બનાવવા સૂચના આપી છે. તેમણે ઘાયલોની યોગ્ય સારવાર માટે પણ સૂચના આપી છે.

### ભાજપનું વધશે ટેન્શન

## ૭ ઓગસ્ટે રાહુલ ગાંધીના નિવાસ સ્થાને વિપક્ષની મહત્ત્વપૂર્ણ બેઠક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીના નિવાસ સ્થાને સાતમી ઓગસ્ટના રોજ ઈન્ડિ ગઠબંધનની બેઠક યોજાવાની છે. આ દરમિયાન રાત્રિ દરમિયાન ભોજન સમારંભ યોજાશે અને વિવિધ મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ, બેઠકમાં બિહાર વિધાનસભા ચૂંટણી, બિહારમાં ચાલી રહેતા મતદાર યાદીમાં સુધારા (SIR), મહારાષ્ટ્રમાં બનાવટી મતદારો જોડવાનો આરોપ, ઓપરેશન સિંદૂર, ભારત-અમેરિકા સમજૂતી અને અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ઝિંકેલા ટેરિફ મામલે ચર્ચા થઈ શકે છે.

આ પહેલા ઈન્ડિ ગઠબંધનની ૧૯ જુલાઈએ વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી, જેમાં ૨૪માંથી વધુ પક્ષો સામેલ થયા હતા. બેઠકમાં એનસીપી-એસપી પ્રમુખ શરદ પવાર, આરજેડી નેતા અને બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ, જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા, ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન અને શિવસેના યુબીટી પ્રમુખ ઉદ્ધવ ઠાકરે સામેલ હતા. આ વખતે નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુક અબ્દુલ્લાએ બેઠકમાં સામેલ થવાની તૈયારી દર્શાવી છે. તેમણે કહ્યું કે, તેઓ બિહારમાં SIR પ્રક્રિયા પર ચર્ચા કરશે, જેને ભાજપ-જેડીયુ ગઠબંધન જીતવા માટે ઉપયોગ કરી રહ્યા છે.

કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (CPI)ના મહાસચિવ ડી.રાજાએ કહ્યું કે, રાહુલ ગાંધી વ્યક્તિગત રીતે નેતાઓને ફોન કરી રહ્યા છે. જોકે તેમણે બેઠક માટેનો એજન્ડા જણાવ્યો નથી. બીજીતરફ શિવસેના યુબીટીના નેતા પ્રિયંકા ચર્તુર્વેદીએ કેન્દ્ર સરકાર પર નિશાન સાધી કહ્યું કે, ‘પહલગામમાં આતંકવાદી હુમલો હોય કે, ઓપરેશન સિંદૂર... સરકાર કોઈ જવાબદારી દેખાડી રહી નથી. વડાપ્રધાને પોતે કહ્યું કે, ઓપરેશન સિંદૂર હજુ ચાલી રહ્યું છે, પરંતુ બીજીતરફ સેના અને સરકારના લોકો ક્રિકેટ રમી રહ્યા છે - આ શહીદોનું અપમાન છે.’ ચતુર્વેદીએ મહારાષ્ટ્રમાં ૪૫ લાખ નવા મતદારો જોડવા અને મતદાન વખતે અંતિમ સમયમાં ૭૦ લાખ મત પડવા મામલે સવાલ ઉઠાવ્યો છે. આ ઉપરાંત બિહારમાં ૬૦ લાખથી વધુ મતદારોના નામ કમી થવા પર ચિંતા વ્યક્ત કરી છે.

### સ્ટાફ મેમ્બર્સને ગંભીર ઈજાઓ પહોંચી

## સ્પાઈસ જેટના ૪ સ્ટાફ મેમ્બર્સ પર યાત્રીનો નિર્દયતાપૂર્વક હુમલો

### આ મામલે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

શ્રીનગરથી દિલ્હી જતી ફ્લાઈટ નંબર SG-386 ના બોર્ડિંગ ગેટ પર એક મુસાફરે સ્પાઈસ જેટના કર્મચારીઓ પર હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ, ૨૬ જુલાઈ ૨૦૨૫ના દિવસે બનેલી આ ઘટનામાં એરલાઈન્સના ચાર કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા હતા. આ મામલે સ્પાઈસ જેટના પ્રવક્તાએ કહ્યું કે, ૨૬ જુલાઈ ૨૦૨૫ના દિવસે, શ્રીનગરથી દિલ્હી જતી ફ્લાઈટ નંબર SG-386ના બોર્ડિંગ ગેટ પર એક મુસાફરે સ્પાઈસ જેટના ચાર કર્મચારીઓ પર ગંભીર હુમલો કર્યો હતો. અમારા કર્મચારીઓને લાતો અને મુક્કા મારવામાં આવ્યા હતા, જેના કારણે કરોડરજ્જુમાં ફ્રેક્ચર થયું હતું અને એક કર્મચારીને જડબામાં ગંભીર ઈજાઓ થઈ હતી. એરલાઈન્સે જણાવ્યું હતું કે, સ્પાઈસ જેટનો એક કર્મચારી બેભાન થઈ ગયો હતો, પરંતુ મુસાફરે બેભાન કર્મચારીને પણ લાતો, મુક્કા મારવાનું ચાલુ રાખ્યું હતું. આ દરમિયાન, બીજો કર્મચારી તેના બેભાન સાથીદારને મદદ કરવા માટે નીચે ઝૂક્યો, ત્યારે આ શખસે તેને જડબા પર જોરથી લાત મારી, જેના કારણે તેના નાક અને મોંમાંથી લોહી નીકળવા લાગ્યું.

ઈજાગ્રસ્ત કર્મચારીઓને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સ્પાઈસ જેટના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, એક મુસાફર જે એક વરિષ્ઠ સૈન્ય અધિકારી હતો, કુલ ૧૬ કિલો વજનના બે કેબિન સામાન લઈને જઈ રહ્યો હતો, જે ૭ કિલોની મર્યાદા કરતાં બમણાથી વધુ હતો. જ્યારે તેને વધારાના સામાન વિશે નમ્રતાપૂર્વક જાણ કરવામાં આવી અને લાગુ ફી ચૂકવવાનું કહેવામાં આવ્યું, ત્યારે મુસાફરે ઈનકાર કર્યો અને બોર્ડિંગ પ્રક્રિયા પૂર્ણ કર્યા વિના બળજબરીથી એરોબ્રિજમાં ઘુસી ગયો- જે ઉડ્ડયન સુરક્ષા પ્રોટોકોલનું સ્પષ્ટ ઉલ્લંઘન હતું.ત્યારબાદ CISFનો એક અધિકારીએ તેને ગેટ પર પાછો લઈ ગયો. ગેટ પર, મુસાફરનું વર્તન વધુ આક્રમક થઈ ગયું અને તેણે સ્પાઈસ જેટના ચાર ગ્રાઉન્ડ સ્ટાફના સભ્યો પર હુમલો કર્યો. આ મામલે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને એરલાઈને નાગરિક ઉડ્ડયન નિયમો અનુસાર આ મુસાફરને નો-ફ્લાઈ લિસ્ટમાં મૂકવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. સ્પાઈસ જેટે નાગરિક ઉડ્ડયન મંત્રાલયને પત્ર લખીને પોતાના કર્મચારી પર થયેલા હુમલાની જાણ કરી છે અને મુસાફર સામે યોગ્ય કાર્યવાહી કરવાની વિનંતી કરી છે. એરલાઈને એરપોર્ટ અધિકારીઓ પાસેથી ઘટનાના સીસીટીવી ફૂટેજ મેળવીને પોલીસને સોંપી દીધા છે.

## મહિલાએ બે બાળકો સાથે ગળે ફાંસો ખાતા ચરચાર

(સંપૂર્ણ સમાચાર સેવા)રાંચી

ઝારખંડના રાંચીમાં એક દુઃખદ ઘટના સામે આવી છે. અહીં જગન્નાથપુર પોલીસ સ્ટેશનના લાત્મા રોડ ચોરીમાં એક પરિવારના ત્રણ લોકોએ ગળે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, આપઘાત કરનારમાં એક મહિલા અને તેમનો દીકરો-દીકરી સામેલ છે. પતિ-પત્નીવચ્ચેનો ઝઘડો સામુહિક આપઘાતનું કારણ માનવામાં આવે છે. ઘટનાની સૂચના મળ્યા બાદ પોલીસ તુરંત ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યા. હાલ એફએસએલની ટીમ આ મામલે તપાસ કરી રહી છે. આ ઘટનાની જાણકારી આપતા પોલીસે જણાવ્યું કે, જગન્નાથપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ત્રણ લોકોએ આપઘાત કર્યા હોવાની જાણકારી મળી હતી. આ ઘટનાની જાણકારી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. જ્યાં પોલીસે જોયું કે, ત્રણ લોકો ફાંસીના માંચડે લટકેલા હતા. ત્રણેયના મૃતદેહોને નીચે ઉતારવામાં આવ્યા અને પોલીસે તેને કબ્જે કરી પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે.

### ભયંકર કાર અકસ્માત સર્જાયાની આશંકા

## અમેરિકામાં ૪ દિવસથી ગુમ ૪ ભારતીયોના મૃતદેહ મળ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)પેન્સિલવેનિયા

અમેરિકાના પેન્સિલવેનિયામાં ગુમ ભારતીય મૂળના ચાર વરિષ્ઠ નાગરિક ભયાનક કાર અકસ્માતનો ભોગ બન્યા હોવાની માર્શલ કાઉન્ટી શેરિફ માઈકે પુષ્ટિ કરી છે. ગઈકાલે શનિવારે મોડી રાત્રે માઈકે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ભારતીય મૂળના ગુમ થયેલા ચાર વરિષ્ઠ નાગરિક ડો. કિશોર દીવાન, આશા દીવાન, શૈલેષ દીવાન અને ગીતા દીવાન ભયાનક કાર અકસ્માતમાં માર્યા ગયા છે. તેમની આછા લીલા રંગની ટોયોટા કાર્મી બે ઓગસ્ટના રોજ રાત્રે સાડા નવ વાગ્યે વેસ્ટ વર્જિનિયાના માર્શલ કાઉન્ટીમાં આવેલા બિગ વ્હિલિંગ ક્રીક રોડ પરથી મળી આવી હતી. સૂત્રો અનુસાર, ન્યૂયોર્કના રહેવાસી આ ચાર જણ છેલ્લે ૨૯ જુલાઈના રોજ બર્ગર કિંગ આઉટલેટ પર જોવા મળ્યા હતાં. જ્યાં તેઓએ ક્રેડિટ કાર્ડથી ટ્રાન્ઝેક્શન કર્યું હતું.

ત્યારબાદ તેઓ માર્શલ કાઉન્ટીમાં આવેલા ઈસ્કોનના ધાર્મિક સ્થળ પેલેસ ઓફ ગોલ્ડ તરફ જવા નીકળ્યા હતાં. તેઓ મંગળવારની રાત્રે ત્યાં પહોંચી જવાના હતાં. પરંતુ તેઓ પેલેસ ઓફ ગોલ્ડ પહોંચ્યા જ ન હતાં. ચારેય જણના ફોન ૨૯ જુલાઈથી બંધ આવતાં તેઓ ગુમ થયા હોવાની શંકા થઈ હતી. તેમનું લાસ્ટ સિગ્નલ માઉન્ડ્સવિલેમાં જોવા મળ્યું હતું. તેમના ગુમ થયાની પોલીસ ફરિયાદ નોંધાતાં માર્શલ કાઉન્ટીની પોલીસે તપાસ હાથ ધરી હતી. જેના માટે હેલિકોપ્ટર પણ તૈનાત કરવામાં આવ્યા હતાં.માર્શલ કાઉન્ટીના શેરિફ માઈક ડોઘર્ટી’સ ઓફિસે નિવેદન જાહેર કર્યું હતું કે, બિગ વ્હિલિંગ ક્રીક રોડ પરથી રાત્રે ૯.૩૦ વાગ્યે તેમની કાર મળી આવી હતી. જેમાં ચારેય જણના મૃતદેહો હતાં.

કારની સ્થિતિ જોતાં અકસ્માત લાગી રહ્યો હતો. જો કે, હજી અકસ્માતનું કારણ જાણી શકાયુ નથી. વધુ તપાસ હાથ ધરી અંતિમ રિપોર્ટ જાહેર કરાશે.




# પિતાની કરોડોની મિલ્કતમાં ભાગ પડાવવા બહેન સગા ભાઈ સામે પડીઃ વકીલને ૧૫ લાખ આપતા જ વકીલે જ ભત્રીજીનુ અપહરણ કરવાનુ ષડયંત્ર રચ્યુંઃ ફઈ જ આરોપી નિકળીઃ મિલ્કતમાંથી નામ કમી થઈ જતા ગુન્હાને અંજામ આપ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

શહેરના ચર્ચાસ્પદ ફઈ ભત્રીજીના અપહરણ ગુન્હામાં નવો વળાંક આવ્યો છે જેમાં ફઈ જ આરોપી નિકળી હતી. મિલ્કતમાંથી નામ કમી થઈ જતા સ્ટોરી ઘડી હતી. પ્રહલાદનગર પોલીસે યુવતિની અટક કરી સઘન પુછતાજ હાથ ધરી અન્ય શખ્સોની શોધખોળ હાથ ધરી હતી.

બનાવ અંગે એરપોર્ટ રોડ પર અલકાપુરી મેઈન રોડ પર સુમિતનાથ એપાર્ટમેન્ટની બાજુમાં રહેતા રીયાઝભાઈ ફીરોજભાઈ માખાણી (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યા શખ્સોને નામ આપી જણાવ્યુ હતુ કે તેઓ પરીવાર સાથે રહે છે અને પરીવારમાં તેણી માતા ગુલાબબેન માખાણી, પિતા ફીરોજભાઈ માખાણી, પત્ની ફેમીનાબેન તેમજ બે દિકરી જેમાં સૌથી મોટી દિકરી જોયા અને નાની દિકરી અનાયા (ઉ.વ ૬ ) તેમજ તેમના મોટા બહેન રીમાબેન સાથે સંયુકત કુટુંબ પરીવાર સાથે રહે છે. તેઓ એગ્રીકલ્ચર પાઈપ એન્ડ પ્રોડકશન (દિપક પ્લાસ્ટીક) નામની દુકાન ચલાવી વેપાર કરે છે. ગઈ તા. ૨૪ ના રોજ તેમના બહેન રીમા બહેન (ઉ.વ.૪૪) તથા દિકરી અનાયા ગુમ થઈ ગયેલ હોય જે સંબંધે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન ખાતે જાણવાજોગ ફરીયાદ લખાવેલ હતી. જેની તપાસ દરમિયાન બહેન તથા દિકરી ગઈ તા. ૩૧ ના રોજ મળી આવતા રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે તેઓને ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન લાવી સોંપેલ હતા. બાદમાં તેઓ ઘરે ગયેલ ત્યારબાદ તેઓની બહેને તથા દિકરી અનાયાએ આ સંપૂર્ણ બનાવ બાબતે હકીકત જણાવેલ જે તેઓએ ગાંધીગ્રામ પોલીસ મથકે આવી જણાવેલ હતી.

જેમાં તેઓની પુત્રીએ જણાવેલ કે ગઈ તા. ૨૪/૭/૨૦૨૫ ના રાત્રીના પોણા આઠ વાગે હું તથા ફઈ બંને રેસક્રોર્સ ફરવા ગયેલા હતા અને ઘરે આવવા નિકળતા હતા ત્યારે ફનવર્લ્ડ પાસે હતા ત્યારે એક ભાઈ મોઢા ઉપર રૂમાલ બાંધેલ હાલતમાં આવેલ અને મને તથા ફઈને ગાડીમાં બેસવા કહેલ હતું. ત્યારબાદ હું જે સીટમાં બેઠી હતી ત્યાં તે ભાઈ બેસી ગયેલ અને છરી કાઢી મારા ગળા ઉપર રાખતા હું રડવા લાગી અને તે ભાઈએ ગાડી ચલાવવાનુ કહેતા ફઈ ગાડી ચલાવતા હતા, થોડીવાર પછી થે ભાઈએ ગાડી ઉભી રખાવેલ હતી તે વખતે એક બીજી ગાડી અમારી ગાડીની બાજુમાં આવીને ઉભી રહેલ જેથી મારી સીટમાં બેઠેલ ભાઈએ મને તથા ફઈને બીજી ગાડીમાં બેસાડેલ હતા. તે ગાડી બીજા ભાઈ ચલાવતા હતા, પછી હું ગાડીમાં સુઈ ગયેલ હતી



, સવારે જયારે હું જાગેલ ત્યારે કોઈ ઝાડપાન વાળી જગ્યામાં આવેલ મકાને હું તથા ફઈ બંને રૂમમાં હતા. ત્યાં અમે બે દિવસ રૂમમાં રહેલ હતા, આ જગ્યાએ મારા ફઈ જમવાનો ઓર્ડર કરે ત્યારે જમવાનુ મળી જતુ હતું,

ત્યારબાદ સવારે એક ભાઈ આવેલ અને અમને ગાડીમાં બેસાડી આખો દિવસ રસ્તામાં ગાડી ચલાવેલ અને પછી એક જુના જેવા મકાનમાં મુકી ગયેલ હતા. જયાં ઉંટગાડીવાળા આજુબાજુમાં હતા. ત્યાં એક - બે દિવસ રૂમમાં રહેલ હતા જયાં મારા ફઈ જમવાનો ઓર્ડર કરે ત્યારે જમવાનુ મડી જતુ હતુ અને પછી એક દિવસ સવારના ફરીથી એ ભાઈ આવેલ અને અમને સાથે ગાડીમાં બેસાડી થોડીવાર રસ્તા પર ગાડી ચલાવી આગળ જતા અમને રસ્તામાં ઉતારી દીધા હતા અને પછી ફઈએ કોઈ માણસનો ફોન લઈ તેમને ફોન કરેલ હતો જે વાત તેઓને દિકરી અનાયાએ કરતા તેઓએ બહેન રીમાબેનને આ બાબતે વાત કરતા તેઓએ પણ અનાયાએ જણાવેલ હકીકત સાચી હોવાની વાત કરેલ હતી.

જે ફરીયાદના આધારે પોલીસ કમિશ્નર બ્રિજેશકુમાર ઝા, એડીશનલ સી પી મહેન્દ્ર બગરીયા અને ડીસીપી જગદીશ બાંગરવા અને એસીપી રાધિકા ભારાઈ ના માર્ગદર્શન હેઠળ પ્રથમ ગુન્હાની શરૂઆત રેસકોર્સ નજીકથી થઈ હોવાથી ગુન્હો ગાંધીગ્રામ પોલીસ મથકમાંથી પ્રહલાદનગર પોલીસ મથકમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો ત્યારબાદ પ્રહલાદનગર પોલીસ મથકના પીઆઈ વી આર વસાવા અને ટીમે તપાસનો ધમધમાટ આદરી અપહરણની ખોટી સ્ટોરી ઉભી કરનાર યુવતિ રીમા જ આરોપી નિકળી હતી. તેને જ મિલ્કત અને રૂપીયા ભાઈ પાસેથી પડાવવા માટે કૃત્ય આચર્યાનો ઘટસ્ફોટ થયો હતો.

વધુમાં પોલીસસુત્રોએ જણાવ્યુ હતુ કે યુવતિ રીમા પરીવારની સૌથી મોટી પુત્રી છે, તેમના પિતાની વારસાગત મિલ્કતમાં મકાનમાંથી તેમનુ નામ કમી કરી નાખવામાં આવ્યુ હતુ અને રોકડ રૂપીયામાં પણ ઓછો ભાગ મળતા છેલ્લા દોઢ વરસથી માથાકુટ ચાલતી હતી. ત્યારબાદ યુવતિ ૫ મહીનાથી પ્લાન બનાવતી હતી અને છેલ્લે અન્ય શખ્સ સાથે મળી ગઈ તા. ૨૪ ના રોજ ગુન્હાને અંજામ આપ્યો હતો તે પ્રથમ ઘરે થી ભત્રીજી સાથે નિકળ્યા બાદ રેસક્રોર્સ પહોચી હતી અને અગાઉથી જ થયેલ પ્લાન મુજબ અન્ય શખ્સ સાથે મળી અહીંથી જ તેમની જ હોન્ડાસીટી કારમાં મોરબી ગયા બાદ ત્યા કાર બદલીને ભુજ, ત્યાંથી મહેસાણા, રાજસ્થાન અને ત્યાંથી ઈન્દોર પહોચ્યા હતા.

જયાંથી તે યુવતિ તેના ભાઈ સહિતના પરીવારજનોને અપહરણ થયા અંગેની વાત કરી મિલ્કત બાબતે સ્ટોરી બનાવી ડરાવવાની હતી પરંતુ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ પણ તેની પાછળ જ હતી. જે યુવતિ અને તેની સાથેના શખ્સને જાણ થઈ જતા તુરંતજ પ્લાન બદલીને તેના પરીવારને જાણ કરી હતી.

ફઈ ભત્રીજીના અપહરણના ગુન્હામાં નવો વળાંક આવ્યો હતો. જેમાં ફઈ જ આરોપી નિકળી હતી, પોલીસની તપાસમાં સનસનીખેજ વિગતો બહાર આવી હતી તેની સાથે રહેલ કોઈ શખ્સ એક નામી એડવોકેટ હોવાનુ પણ ચર્ચાયુ હતું. પરંતુ આ યુવતિની સઘન પુછપરછ ચાલી રહી છે. માટે તે વકીલ રાજકોટના છે કે અન્ય વિસ્તારના તે અંગે પણ વેરીફાઈ થઈ રહ્યુ છે. ઉપરાંત પોલીસમાંથી જાણવા મળ્યુ હતુ કે તે વકીલ યુવતિ સાથે વોટસએપથી સંપર્કમાં હતો.

## જો પાટીદાર સમાજની દિકરીઓ કે આગેવાનોની આબરૂ ઉપર વાત આવશે તો હવે ફરીયાદી નહી આરોપી બનતા પણ અચકાશુ નહી : મોરબીમાં પાટીદાર જનક્રાંતિ સભામાં આગેવાનોનો હુંકાર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




મોરબીમાં પાટીદાર સમાજ દ્વારા જનક્રાંતિ સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું અને તેમાં ખાસ કરીને નવરાત્રીના ત્રણેક મહિના પહેલાથી જ જે ડીસ્કો દાંડીયા કલાસીસ શરૂ કરવામાં આવે છે અને તેમાં ફીલ્મી સોંગ અને લવ સોંગ ઉપર ડીસ્કો દાંડીયા કરવા અને વલ્ગાલીટી ને પ્રોત્સાહન આપવામાં આવતુ હોય છે અને ત્યારબાદ ઘણા બધા દુષણોમાં દિકરીઓ ફસાઈ જાય છે. આવી ઘટનાઓ મોરબીમાં ન બને તે માટે પાટીદાર સમાજની દિકરીઓ સહિતનાઓએ મોરબીમાં અર્વાચીન દાંડીયા રાસને પ્રોત્સાહન આપતા એકપણ દાંડીયા કલાસીસમાં ન જવા માટે નો જાહેરસભામાં સંકલ્પ કર્યો હતો.

છેલ્લા ઘણા સમયથી મોરબી સહિત ગુજરાતના જુદા જુદા જિલ્લાઓની અંદર બ્લેક મેલના કિસ્સાઓ વધતા હોય તેવુ જોવા મળે છે અને તેમાં પણ ખાસ કરીને ડીસ્કો દાંડીયા શીખવા માટે જતી દિકરીઓને કોઈને કોઈ રીતે ફસાવવામાં આવે અને ત્યારબાદ તેને બ્લેક મેલ કરવામાં આવે તેવા દુષણો પણ ધ્યાન ઉપર આવ્યા હતા જેથી કરીને મોરબી પાટીદાર સમાજ દ્વારા ગઈ કાલે મોરબીના રવાપર ગામ નજીક કેપીટલ માર્કેટ પાસે પાટીદાર જનક્રાંતિ સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ધારાસભ્યો, રાજકીય અને સામાજિક આગેવાનો સહિત હજારોની સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. મોરબીમાં ચાલતા ડીસ્કો દાંડીયા કલાસીસમાં ચાલતા દુષણોને ડામવા માટે થઈને સંકલ્પ કરવામાં આવ્યો હતો. હજુ નવરાત્રીને ૩ મહિના જેટલો સમય બાકી છે તો પણ મોરબીમાં ડીસ્કો દાંડીયાના કલાસીસ શરૂ કરવામાં આવ્યા છે અને ડીસ્કો દાંડીયાના કલાસીસમાં કેટલીક જગ્યાએ વલગર ગીત ઉપર દિકરીઓને ડીસ્કો દાંડીયા શીખવવામાં આવતા હોય તેવુ ધ્યાન ઉપર આવ્યુ હતુ જેથી કરીને મોરબીના સીરામીક ઉદ્યોગકારો, મોરબી પાટીદાર સમાજના આગેવાનો તેમજ પાટીદાર યુવા સેવા સંઘના આગેવાનો સહિતના લોકો ડીસ્કો દાંડીયા કલાસીસ બંધ કરાવવા માટે થઈને ગાંધીચીધ્યાં માર્ગે કલાસીસના સંચાલકો પાસે પહોચ્યા હતા પરંતુ બીજા જ દિવસે દાંડીયા કલાસીસના સંચાલક દ્વારા ઉદ્યોગકારોને સામાજિક તત્વો દર્શાવીને કલેકટર અને એસપી ને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ જેથી કરીને જેથી કરીને પાટીદાર સમાજમાં રોષ ફાટી નિકળ્યો હતો. મોરબી માંળીયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતીયાએ સભાને સંબોધતા કહ્યુ હતુ કે છેલ્લા ઘણા સમયથી મોરબીમાં દિકરીઓની અને દિકરાની યેનકેન પ્રકારે સીડીઓ ઉતારીને તેમને બ્લેકમેલ કરવામાં આવતા હોય તેવી ઘટનાઓ ધ્યાન ઉપર આવી હતી અને આવા જ એક શખ્સને થોડા સમય અગાઉ તેની ભાષામાં જવાબ આપીને આવા ધંધા બંધ કરવા માટે સમજાવવામાં આવ્યો હતો. જો કે ગરબી કે ગરબાનો પાટીદાર સમાજ દ્વારા કોઈપણ પ્રકારનો વિરોધ કરવામાં આવતો નથી , પાટીદાર સમાજની દિકરીઓને પણ જો ગરબા શીખવા હોય તો તેના માટે થઈને મોરબીમાં કન્યા છાત્રાલય શરૂ કરવામાં આવશે અને તેમાં આપણી સંસ્કૃતિ મુબજના ગરબા શીખવવામાં આવશે તેવુ મંચ પરથી આગેવાનોએ જાહેર કર્યુ હતુ પરંતુ મોરબીમાં અર્વાચીન ડીસ્કો દાંડીયાના કલાસીસ ચલાવવા નહી દેવામાં આવે તેવી પણ ટકોર કરી હતી.

### અમરેલીમાં સિંહોના મોતને લઈ વન વિભાગ દોડતું થયું

# ત્રણ સિંહબાળ બાદ વધુ એક સિંહણનું મોત થયું

## એનિમિયા અને નિમોનિયા મુખ્ય કારણ હોવાનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

ગુજરાતની ઓળખ સમા ગીરના સિંહના ઉપરાછાપરી મોતથી વનવિભાગ દોડતું થયું છે. પહેલા ત્રણ સિંહ બાળના મોત થયા છે બાદ વધુ એક સિંહણનું મોત થયું છે. આ કુલ ૪ મોતથી વન વિભાગ સફાળું જાગ્યું છે. ગાંધીનગરથી **PCCF,** જૂનાગઢ **CF** રામ રતનનાલા અમરેલી પહોંચ્યા છે અને સિંહોને બચાવવા માટે વિશેષ પ્રયાસો શરૂ થયા છે. હાલ એનિમિયા અને નિમોનિયા મુખ્ય કારણ હોવાનો વન વિભાગનો દાવો કર્યો છે.ગીર પૂર્વ, શેત્રુંજી ડિવિઝનમાં કેટલા સિંહોના મોત થયા અને કેવી રીતે તેને લઈને તપાસ થઈ રહી છે. અમરેલીમાં સિંહોના મોતના મામલે હવે રાજકાણ પણ ગરમાયું છે. બે દિવસ પહેલાં રાજુલા-જાફરાબાદ વિસ્તારના ધારાસભ્ય હીરા સોલંકીએ વનમંત્રી મુળુ બેરાને પત્ર લખી આ બાબતે યોગ્ય તપાસ થાય એવી રજૂઆત કરી હતી. બીજીતરફ સ્થાનિકોમાં પણ રોષ ફેલાયો છે. આ સમગ્ર બાબતને ધ્યાનમાં લઈ આજે ગાંધીનગરથી પ્રિન્સિપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ **(PCCF)** જયપાલ સિંહ અને જૂનાગઢના ચીફ ફોરેસ્ટર **(CF)** રામ રતન નાલા સહિત અન્ય અધિકારીઓ પ્રથમ જાફરાબાદ રેન્જ અને ત્યારબાદ રાજુલાના ઝાંઝરડા એનિમલ કેર સેન્ટર પહોંચ્યા છે. સિંહબાળના મોતના વિવાદ વચ્ચે વધુ એક સિંહણના મોતના સમાચાર સામે આવ્યા છે. ગાંધીનગરના પીસીસીએફ જયપાલ સિંહે જણાવ્યું કે,. આજે એક સિંહણનું મોત થયું છે, જો કે દાવો કરવામાં આવી રહ્યો છે કે આ મોત કુદરતી રીતે થયું છે.

હાલમાં સિંહોના જુદી જુદી રીતે કેટલાક મોત અલગ અલગ વિસ્તારમાં થયા છે. તેમજ એનિમલકેર સેન્ટર ખાતે સારવાર લઈ રહેલા સિંહબાળ અને સિંહો અંગે પણ તપાસ ચાલું છે. પ્રાથમિક રિપોર્ટ અનુસાર, એનિમિયા અને નિમોનિયા મુખ્ય કારણ હોવાનું જણાવવામાં આવ્યું છે.

## ભાવનગર ટર્મિનસ-અયોધ્યા કેન્ટ ઉદ્ઘાટન એક્સપ્રેસનું મહેસાણામાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

### મહેસાણાથી રામલલ્લાના નગરી અયોધ્યાને જોડતી આ પહેલી ટ્રેન છેઃ માનનીય સાંસદ શ્રી હરિભાઈ પટેલ અને મહેસાણાના ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ અને ખેરાલુના ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી દ્વારા મહેસાણા સ્ટેશનથી આ ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવી હતી

આજે ૩ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ભાવનગર ટર્મિનસ –અયોધ્યા કેંટ એક્સપ્રેસ નો શુભારંભ માનનીય કેન્દ્રીય રેલ, સૂચના, તથા પ્રસારણ, ઈલેક્ટ્રોનિક તથા સૂચના ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, માનનીય કેન્દ્રીય શ્રમ,રોજગાર, યુવા બાબતો અને ખેલ મંત્રી ડૉ. મનસુખ માંડવિયા, તથા માનનીય રાજ્યમંત્રી ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણીયા, દ્વારા ભાવનગર ટર્મિનસ થી લીલીઝંડી બતાવીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું .

આ જ ક્રમમાં, અમદાવાદ ડિવિઝનના મહેસાણા સ્ટેશન પર ભાવનગર ટર્મિનસ-અયોધ્યા કેન્ટ એક્સપ્રેસના પ્રથમ આગમન પર ભવ્ય સ્વાગત સમારોહનું આયોજન કરવામાં આવ્યું . આ ક્ષણ મહેસાણા વાસીઓ માટે ખૂબ જ ખાસ રહી, કારણ કે આ ટ્રેન પહેલીવાર તેમના સ્ટેશન પર પહોંચી હતી. આ ટ્રેનની માંગ મહેસાણા ક્ષેત્રથી લાંબા સમયથી લોકસભા સાંસદ શ્રી હરિભાઈ પટેલ દ્વારા કરવામાં આવી રહી હતી, જે આજે પૂર્ણ થઈ છે. તેમણે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી અને માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવનો આ ટ્રેન ચલાવવા બદલ આભાર વ્યક્ત કર્યો.

મહેસાણા સ્ટેશન પર આયોજિત એક કાર્યક્રમમાં લોકસભાના સાંસદ મહેસાણા શ્રી હરિભાઈ પટેલ, ડીઆરએમ અમદાવાદ શ્રી વેદ પ્રકાશ, મહેસાણાના ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ અને ખેડાલુના ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી સહિત અન્ય મહાનુભાવોની હાજરીમાં ટ્રેનને અયોધ્યા માટે રવાના કરવામાં આવી હતી.



આ ભાવનગરથી અયોધ્યા માટે પ્રારંભ કરવામાં આવેલી પહેલી ટ્રેન સેવા છે. જે સૌરાષ્ટ્ર ક્ષેત્રની સાથે સાથે મહેસાણા ને સીધા ઉત્તરપ્રદેશના પવિત્ર નગર અયોધ્યાથી જોડે છે. આ સેવાથી મહેસાણા અને તેની આસપાસના મુસાફરોને હવે અયોધ્યા જવા માટે હવે એક સુવિધાજનક, સુરક્ષિત, અને સીધી રેલ યાત્રાનો વિકલ્પ મળ્યો છે. આ ટ્રેન ક્ષેત્રના ભક્તો અને મુસાફરોને સીધા અયોધ્યા સુધી લઈ જશે. હવે મહેસાણા ક્ષેત્રના નાગરિકો અયોધ્યામાં સ્થિત શ્રી રામ જન્મભૂમિના દર્શન માટે સીધા ટ્રેન દ્વારા મુસાફરી કરી શકશે, જેનાથી સમય અને સંસાધનોની બચત થશે અને ધાર્મિક પર્યટનને પણ એક નવું પરિમાણ મળશે.

મહેસાણા સ્ટેશન પર આયોજિત આ ઐતિહાસિક કાર્યક્રમમાં **GCMMF**-અમૂલ અને દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી અશોક ચૌધરી, મહેસાણા ભાજપના જિલ્લા પ્રમુખ શ્રી ગિરીશ રાજગોર, રેલવે અધિકારીઓ, સ્થાનિક નાગરિકો અને મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ફ્રેન્ડશીપ ડેના દિવસે બે મિત્રો વિખૂટા પડ્યા

# બે મિત્રોએ ઝેરી દવા પીને નદીમાં લગાવી છલાંગ, એકનું મોત થયું

## બીજા મિત્ર સમીરની હાલ સારવાર ચાલી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના ડીંડોલીમાં રહેતા કૌસ્તુભ અને સમીર નામના બે મિત્રોએ અડાજણ પાટીયાના ચંદ્રશેખર આઝાદ બ્રિજ પરથી ફ્રેન્ડશિપ ડેના બે દિવસ પહેલાં (શુક્રવારે) છલાંગ મારી હતી. જોકે, બંને નદી કિનારે જમીન પર પટકાતા જીવ બચી ગયો હતો પણ ઈજા થતા નવી સિવિલમાં ખસેડ્યા હતા. જ્યાં આજે (૩ ઓગસ્ટે), ફ્રેન્ડશિપ ડેના દિવસે જ કૌસ્તુભનું સારવાર દરમિયાન દુઃખદ અવસાન થયું છે. આ ઘટનાથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે, જ્યારે બીજા મિત્ર સમીરની હાલ સારવાર ચાલી રહી છે.મળતી માહિતી મુજબ ૨૪ વર્ષીય કૌસ્તુભ છેલ્લા ઘણા સમયથી કામ-ધંધો યોગ્ય રીતે ન ચાલવાને કારણે તણાવમાં હતો.

જ્યારે તેનો મિત્ર ૧૮ વર્ષીય સમીર ધોરણ ૧૦માં નાપાસ થયો હતો અને ફરીથી પરીક્ષા આપવાનો હોવાથી તે પણ તણાવ અનુભવી રહ્યો હતો. આ બંને મિત્રોએ શુક્રવારે સાંજે રાંદેર ચંદ્રશેખર આઝાદ બ્રિજ પર પહોંચી પહેલા ઝેરી દવા પીધી અને પછી તાપી નદીમાં છલાંગ લગાવીને પોતાનું જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. કૌસ્તુભ પરિવારનો એકમાત્ર દીકરો હતો. તેના અચાનક મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. જે દિવસે મિત્રતાની ઉજવણી કરવામાં આવે છે, તે જ દિવસે આ મિત્રોની જોડી કાયમ માટે તૂટી ગઈ.

કૌસ્તુભના નિધનથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. હાલ પોલીસ આ ઘટના અંગે વધુ તપાસ કરી રહી છે.

### ખાતરના વિતરણ વ્યવસ્થાની રાજ્ય કક્ષાએથી દેખરેખ રાખવામાં આવી રહી છે

# રાજ્યમાં સમય પહેલા જ પુષ્કળ વાવેતર થતા સપ્લાય પ્લાન મુજબ ખાતરનું જિલ્લાવાર વિતરણ ચાલી રહ્યું છેઃ કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ

### ખાતર વિતરણ સંદર્ભે ખેડૂતોની ફરિયાદ–રજૂઆત માટે રાજ્ય કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ કંટ્રોલ રૂમ કાર્યરત કરાયા

કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે રાજ્યમાં ખાતર વિતરણ અંગે જણાવ્યું હતું કે, આ વર્ષે સારા વરસાદના પરિણામે ખરીફ પાકોના ૬૧ ટકા જેટલુ વાવેતર સમય કરતા વહેલા પૂર્ણ થયું છે. ખેડૂતોને વ્યાજબી ભાવે યુરીયા, ડી.એ.પી તથા એન.પી.કે ખાતરનો પૂરતો જથ્થો મળી રહે તે માટે ભારત સરકાર દ્વારા તેના પર માતબર રકમની સબસીડી આપીને સમયાંતરે ખાતરનો જથ્થો ફાળવવામાં આવી રહ્યો છે. ખેતી માટે જરૂરિયાત મુજબ ખેડૂતોને સમયસર અને પૂરતું ખાતર મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સપ્લાય પ્લાન મુજબ ખાતરનો જથ્થો વિવિધ જિલ્લામાં વિતરણ કરવામાં આવી રહ્યો છે.

રાજ્યમાં જિલ્લાવાર અને તાલુકાવાર ફાળવવામાં આવતા ખાતરના જથ્થાની વિતરણ વ્યવસ્થાની રાજ્ય કક્ષાએથી કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ સહિતના રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે, જેથી ખેડૂતોને જરૂરિયાત મુજબનો ખાતરનો જથ્થો સરળતાથી ઉપલબ્ધ થઈ શકે.

કૃષિ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ખાતરની રાજ્યમાં ક્યાંય સંગ્રહખોરી ન થાય, કાળા બજારી ન થાય, વધુ ભાવે વેચાણ ન થાય તેમજ સપ્લાય પ્લાન મુજબ દરેક જિલ્લા-તાલુકાને પૂરતું ખાતર મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે.

ખાતર વિતરણ સંદર્ભે ખેડૂતોની ફરિયાદ– રજૂઆત માહીતી માટે રાજ્ય કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા અધિક કલેકટર કક્ષાના વિશેષ અધિકારીની નિમણૂંક પણ કરવામાં આવી છે.

રાજ્ય સરકારની માંગણી અનુસાર ભારત સરકાર દ્વારા તબક્કાવાર ખાતરનો જથ્થો પૂરો પાડવામાં આવી રહ્યો છે ત્યારે, કૃષિ મંત્રીશ્રી દ્વારા રાજ્યના ખેડૂતોને જરૂર પૂરતું જ ખાતર ખરીદવા અને વણજોઈતી સંગ્રહખોરી ન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મગફળી જેવા પાકમાં વધુ ઉત્પાદન મેળવવા માટે નાઈટ્રોજન યુક્ત ખાતર તરીકે યુરિયા ખાતરનો વધુ ઉપયોગ ના કરવા ભલામણ કરેલ છે. ડાંગર પાકમાં પણ નાઈટ્રોજન યુક્ત ખાતર તરીકે એમોનિયમ સલ્ફેટના ઉપયોગની ભલામણ કરવામાં આવી છે.

- નિતિન રથવી

### ગત રાત્રે કેટલાક વિસ્તારમાં મેઘરાજા મનમૂકીને વરસ્યા

# મહીસાગરના બાલાસિનોરમાં ચાર ઈંચ વરસાદ વરસ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) બાલાસિનોર

ગુજરાતમાં હવામાન વિભાગે છુટછવાયા વરસાદની આગાહી કરી છે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠામાં મધ્યમ વરસાદની આગાહી કરી છે.વરસાદની આગાહી વચ્ચે ગુજરાતના કેટલાક જિલ્લામાં ગત રાતથી વરસાદ શરૂ થયો છે. મહીસાગર, સાબરકાંઠા,અમદાવાદ, રાજકોટના ઉપલેટા સહિતના વિસ્તારમાં મેઘરાજાનું આગમન થયું હતું. મહિસાગરમાં ગત રાતથી મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. સૌથી વધુ બાલાસિનોરમાં વરસાદ વરસ્યો છે. બાલાસિનોરમાં ૪ કલાકમાં ૪ ઈંચ વરસાદ નોંધોયો છે. લુણાવાડામાં પણ રાત્રે વરસાદે જમાવટ કરી હતી.

લુણાવાડા શહેરમાં સવા ઈંચ વરસાદ નોંધાયો છે. લાંબા વિરામ બાદ મેઘમહેરથી ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે.સાબરકાંઠામાં વહેલી સવારે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. સાંબરકાંઠાના પ્રાંતિજમાં સવારથી વરસાદે જમાવટ કરી છે. પ્રાંતિજમાં ૨ કલાકમાં સવા એક ઈંચ વરસાદ વરસ્યો છે.

અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદની એન્ટ્રીથી ખેડૂતોમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે. નોંઘનિય છે કે લાંબા સમયથી વરસાદે વિરામ લેતા ખેડૂતોમાં ચિંતા વ્યાપી ગઈ છે. લાંબા વિરામ બાદ વરસાદની એંટ્રીથી ખેડૂતો ખુશખુશાલ છે.

વામાન વિભાગની આગાહી મુજબ દેશભરમાં ઓગસ્ટમાં સામાન્ય વરસાદ રહેશે. ગુજરાતની વાત કરીએ તો ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત,મધ્ય પ્રદેશ, પૂર્વ ગુજરાતમાં સરેરાશ કરતા ઓછો વરસાદ વરસી શકે છે. આ ઉપરાંત ઓગસ્ટમાં કચ્છના કેટલાક વિસ્તારમાં સરેરાશ કરતા વધુ વરસાદ વરસી શકે છે. સૌરાષ્ટ્રની વાત કરીએ તો સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લા, સુરેન્દનગર, બોટાદ, ભાવનગર, અમરેલીસરેરાશથી વધુ વરસાદ થઈ શકે છે. જામનગર, રાજકોટ,મોરબી, જૂનાગઢમાં સરેરાશથી ઓછો વરસાદ વરસી શકે છે. ઓગસ્ટમાં હવામાન વિભાગે સામાન્ય વરસાદનું પૂર્વામાન વ્યક્ત કર્યું છે. ટૂંકમાં ગુજરાતના કેટલાક જિલ્લામાં સરેરાશથી વધુ તો કેટલાક જિલ્લામાં સામાન્ય વરસાનું અનુમાન છે.

# અંબાજીમાં ભાદરવી પુનમના દર્શને જતા પદયાત્રીઓ માટેના સેવા કેમ્પની હવે ફરજીયાત નોંધણી કરાવવી પડશે

## અંબાજી મંદિરની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવવુ જરૂરીઃ ૧ સપ્ટેમ્બર થી ભાદરવી પુનમનો મહામેળો યોજાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પુનમનો ૭ દિવસનો મહામેળો યોજાય છે. ભાદરવી પુનમના દિને અંબાજી માતાજીના દર્શનનો વિશેષ મહાત્મ્ય છે અને લાખોની સંખ્યામાં યાત્રાળુઓ દર્શન માટે ઉમટી પડતા હોય છે.

જેમાં અમદાવાદ, વડોદરા સહિત શહેરો અને ગામેગામ થી લાખો ની સંખ્યામાં પદયાત્રીઓ દર્શન માટે અંબાજી પહોચતા હોય છે. સેવાભાવી સંસ્થાઓ દ્વારા પદયાત્રીઓ માટે સેવા કેમ્પોનુ ઠેર ઠેર આયોજન કરાતુ હોય છે. ત્યારે સેવા કેમ્પો માટે હવે ઓનલાઈન રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવાનુ રહેશે. શકિતપીઠ અંબાજી ખાતે




તા. ૧ સપ્ટેમ્બર થી ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ સુધી ભાદરવી પુનમનો મહામેળો યોજાશે. આ મહામેળામાં વિવિધ સામાજિક સંસ્થાઓ દ્વારા પદયાત્રીઓની સેવા માટે કેમ્પનુ આયોજન કરવામાં આવે છે. આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજીના અધ્યક્ષ અને બનાસકાંઠા કલેકટરના નેતૃત્વ હેઠળ સેવા કેમ્પોની નોંધણી માટે અદ્યતન પોર્ટલ બનાવવામાં આવ્યુ છે. સેવા કેમ્પના આયોજકોએ પોતાના કેમ્પની નોંધણી અંબાજી મંદિરની વેબસાઈટ https://ambajitemple.in/ bhadarvi-poonam પર વિના મુલ્યે ઘરે બેઠા કરી શકાશે, ઓનલાઈન નોંધાયેલ સેવા કેમ્પોની ચકાસણી કરી પ્રાંત અધિકારી દાંતા દ્વારા મંજુરી આપવામાં આવશે.

આ સુવિધા મંદિર ટ્રસ્ટની વેબસાઈટના અદ્યતન વેબ પોર્ટલ પર શરૂ કરવામાં આવી છે. બનાસકાંઠા સહિત રાજયભરના સેવા કેમ્પના આયોજકોએ પોતાના કેમ્પની નોંધણી કરવા માટે અંબાજી મંદિરના વહિવટદાર અને અધિક કલેકટર કૌશિક મોદીએ અખબારી યાદીમાં જણાવ્યુ છે. આ નવી વ્યવસ્થા દ્વારા સેવા કેમ્પની નોંધણી પ્રક્રિયા સરળ અને પારદર્શક બનશે.

# સુરતમાં સામુહિક આત્મહત્યા કેસમાં આરોપી ફાલ્ગુની અને પ્રેમી નરેશ રાઠોડના ૩ દિવસના રીમાન્ડ મંજુર

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતના અઠવાલાઈન્સ વિસ્તારમાં બનેલી અત્યંત કરૂણ ઘટનામાં શિક્ષક અલ્પેશ સોલંકીએ પોતાના ૨ બાળકોને ઝેર આપીને તેમની હત્યા કર્યા બાદ પોતે આપઘાત કરી લીધો હતો.

આ ઘટના પાછળના કારણોનો મોટો ખુલાસો થતા પોલીસે મૃતકની પત્ની ફાલ્ગુની સોલંકી અને તેના પ્રેમી નરેશ રાઠોડની ધરપકડ કરી છે. આ બંને આરોપીઓને ગઈ કાલે શનિવારે સાંજે સુરત કોર્ટમાં રજુ કરવામાં આવતા કોર્ટે તેમના ૩ દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે.

સામુહિક આત્મહત્યા કેસની તપાસ કરી રહેલી ઉમરાપોલીસને



મૃતક અલ્પેશ સોલંકીની એક સ્યુસાઈડ નોટ અને અંગત ડાયરી મળી હતી આ દસ્તાવેજોમાં અલ્પેશે સ્પષ્ટપણે લખ્યુ હતુ કે તેની પત્ની ફાલ્ગુનીના પ્રેમી નરેશ રાઠોડ સાથેના આડા સંબંધો અને તેના ત્રાસથી તે કંટાળી ગયો હતો. આ કારણે જ તેણે આ આત્યાંતીક પગલુ ભર્યુ હતું અને પોતાના નિર્દોષ બાળકોને પણ સાથે લઈ ગયો. આ સ્યુસાઈડ નોટ અને ડાયરીના આધારે પોલીસે ફાલ્ગુની અને નરેશ સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુન્હો દાખલ કર્યો છે.

સમગ્ર મામલે પોલીસે કોર્ટમાં રજુઆત કરી હતી કે આ કેસમાં ઉંડાણપૂર્વક તપાસ કરવા માટે આરોપીઓના રીમાન્ડ જરૂરી છે. કોર્ટે પોલીસની રજુઆતને માન્ય રાખીને બંને આરોપીઓના ૩ દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરશે કે, આ સમગ્ર ઘટનામાં તેમનો શું રોલ હતો, અલ્પેશને કઈ રીતે ત્રાસ આપવામાં આવતો હતો અને આ ગુન્હા પાછળ કોઈ અન્ય કારણો છે કે કેમ, રીમાન્ડ દરમિયાન પોલીસ ફાલ્ગુની અને નરેશની કડક પુછપરછ કરશે.

# મહિલાઓએ રાતની પાર્ટીમાં જવુ નહી : ગેંગ રેપ થઈ શકે છે : અમદાવાદમાં બેનર લાગતા વિવાદ

## રેપ થઈ શકે ના પોસ્ટર લાગતા શહેર પોલીસ સજજ થઈઃ પોલીસે વિવિધ વિસ્તારોમાંથી ૮થી વધુ બેનર્સ જપ્ત કર્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં મહિલાઓએ રાતની પાર્ટીઓમાં જવાનુ નહી, રેપ, ગેંગ રેપ થઈ શકે છે તેવા પોસ્ટરો લગાડવામાં આવ્યા હતા જો કે આ પોસ્ટર સોશીયલ મીડીયામાં વાયરલ થતા વિવાદ થયો હતો. અંતે પોલીસે આ પોસ્ટર હટાવી સતર્કતા ગૃપ સામે જાણવા જોગ ફરીયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અમદાવાદ શહેરના સોલા વિસ્તારમાં અલગ અલગ જગ્યાએ ટ્રાફીક પોલીસના સહકાર થી સતર્કતા ગૃપ નામની સામાજીક સંસ્થાએ ટ્રાફીક અવેરનેસના બેનર લગાવ્યા હતા. આ સાથે કેટલાક વિવાદીત બેનર પણ લગાવ્યા હતા જેમાં મહિલાઓએ રાત્રે પાર્ટીમાં જવુ નહી, ગેંગ રેપ થઈ શકે છે, અંધારામાં સુમસામ જગ્યાએ રંગલીને લઈ જવાની નહી, રેપ-ગેંગ રેપ થઈ શકે છે, આ પ્રકારના વિવાદીત બેનર




ટ્રાફીક પોલીસના સહયોગથી લાગ્યા હોવાથી વિવાદ થયો હતો. જેને લઈને ગઈ કાલે તમામ વિવાદીત બેનર ઉતારી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ પોલીસ દ્વારા ખુલાસો પણ આપવામાં આવ્યો છે.

ઝોન ૧ ના ઈન્ચાર્જ ડીસીપી સફીન હસને ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે શહેર પોલીસે ઝડપથી કાર્યવાહી કરી શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી ૮ થી વધુ બેનર્સ જપ્ત કરી લીધા છે. સતર્કતા ગૃપ નામની એનજીઓએ ટ્રાફીક પોલીસની મંજુરી લીધી હતી. પરંતુ તે માત્ર ટ્રાફીક જાગૃતિના સંદેશાઓ માટે હતી જેમાં હેલ્મેટ પહેરવા, મોબાઈલ ફોન પર વાત ન કરવી અને રોંગ સાઈડ પર ન જવુ, જેવા મુદ્દાઓનો સમાવેશ થતો હતો. એનજીઓએ ટ્રાફીક અવેરનેસના નિયમોની બહાર જઈ મહિલાઓની સુરક્ષા પર પ્રશ્નાર્થ ઉભા કરતા આવા વિવાદાસ્પદ બેનર્સ કોઈપણ અધિકારી કે ટ્રાફીક પોલીસ કર્મચારીના ધ્યાને મુકયા વગર લગાવ્યા હતા. વધુમાં ટ્રાફીક પોલીસે સ્પષ્ટ કહ્યુ છે કે તેમને આ વિવાદાસ્પદ બેનર્સ સાથે કોઈ લેવા દેવા નથી. વધુમાં સતર્કતા એનજીઓએ આ બેનર્સ શા માટે લગાડયા છે, તે જાણવા માટે અમદાવાદ શહેરના સોલા પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરીયાદ દાખલ કરવામાં આવી છે. આ જાણવાજોગ ની તપાસ દરમિયાન એ શોધવામાં આવશે કે શું કોઈની પરવાનગી લીધી હતી કે નહી, ત્યારે હવે તપાસના અંતે સતર્કતા ગૃપ સામે ગુન્હો નોંધવામાં આવી શકે છે તેમ અમદાવાદ શહેર પોલીસે જણાવ્યુ હતું.

# બગસરા એસટી ડેપોમાં કંડકટરના મશીનોની અછત સર્જાતાઃ ૭ રૂટ બંધ કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

બગસરા એસટી ડેપોમાં લાંબા સમયથી સ્ટાફની અછત હતી, જે હવે દુર કરવામાં આવી છે. પરંતુ કંડકટરના મશીનોનુ તીવ્ર અછતને કારણે મુસાફરોની હાલાકી યથાવત છે. ડેપોના કુલ ૬૦ રૂટ સામે માત્ર ૪૫ મશીનો જ કાર્યરત હોવાથી ૭ રૂટ હજુ પણ બંધ છે અને બાકીના મોટાભાગના રૂટ અનિયમિત રીતે ચાલી રહ્યા છે. મળતી માહિતી અનુસાર બગસરા ડેપોમાં ૪૧ કંડકટર અને ૨૭ ડ્રાઈવરોની ઘટ હતી. જે તાજેતરમાં પુરી કરવામાં આવી છે આ કારણે બંધ થયેલા કેટલાક રૂટ ફરી શરૂ થયા છે પરંતુ હજુ પણ ગોંડલ- વિસાવદર- જુનાગઢ, બગસરા-રાજકોટ, બગસરા -રાજકોટ વાયા વડીયા, સુલ્તાનપુર-રાજકોટ અને બગસરા-ભાવનગર સહિતના ૭ રૂટ સંપૂર્ણપણે બંધ છે. જે રૂટ ચાલુ છે તે પણ અનિયમિત હોવાથી મુસાફરોને ભારે હાલાકી વેઠવી પડે છે. આ અંગે જાણવા મળ્યુ હતુ કે ડેપો પાસે કુલ ૬૦ મશીનોની જરૂરીયાત સામે માત્ર ૫૦ મશીનો છે જેમાંથી પણ ૫ મશીનો ખરાબ છે. પરીણામે માત્ર ૪૫ મશીનોથી જ કામ ચલાઉ પડે છે. એક જ મશીનનો ઉપયોગ એક રૂટમાંથી આવીને તરતજ બીજા રૂટ પર કરવામાં આવતો હોવાથી સમયપત્રક જળવાતુ નથી. શ્રાવણમાસ નિમિત્તે ડેપો મેનેજર દ્વારા બગસરા-સોમનાથ, બગસરા-કેશોદ, બગસરા-અમરેલી-જુનાગઢ અને બગસરા-મહુવા-રાજુલા જેવા નવા રૂટ શરૂ કરવામાં આવ્યા છે પરંતુ મશીનોની અછતને કારણે આ રૂટ પણ અનિયમિત ચાલી રહ્યા છે. સરકારે તાત્કાલીક ધોરણે નવા મશીનો ફાળવવા જોઈએ. જેથી તમામ રૂટ નિયમિત રીતે ચાલી શકે અને મુસાફરોની પરેશાની દુર થાય.



# ડીંડોર સાહેબ તમારૂ અધિકારીઓ આગળ કઈ ઉપજતુ ન હોય તો ઘરે ચાલ્યા જાઓ : રસ્તે ખાડા પડે તો જાતે પુરી દો , સરકારને ફોન ના કરો ડીંડોરના નિવેદનથી વધ્યો પ્રજામાં આક્રોશ

પ્રતિનિધિ,ગાંધીનગર

ચોમાસામાં વરસાદે જ ભાજપ સરકારની પોલ ઉઘાડી પાડી દીધી છે કારણ કે એક જ વરસાદના પાણીમાં મોટાભાગના રસ્તા ધોવાયા છે અને ઠેર ઠેર ખાડા પડયા છે. પરીણામે લોકોમાં સરકાર સામે આક્રોશ ભભુકી ઉઠયો છે. આ પરીસ્થિતિ વચ્ચે શિક્ષણમંત્રી કુબેર ડીંડોરે લોકોના ઘા પર જાણે મીઠુ ભભરાવ્યુ છે. ગોધરામાં એક સમારોહમાં તેમણે સરકારની નિષ્ફળતા ઢાંકવા એવુ કહ્યુ હતુ કે રસ્તા પર ખાડા પડે તો, કંઈ સરકારમાં ફોન કરવાના ન હોય, પાવડા-તગારૂ, માટી લઈ આવોને, ખાડો જાતે પુરી દો, નાગરીક ધર્મ તો નિભાવો,

આવા શબ્દોથી ગુજરાતની પ્રજામાં આક્રોશ ઉઠયો છે. પ્રજા કહી



રહી છે કે ડીંડોર સાહેબ તમારૂ સરકારી અધિકારીઓ આગળ કંઈ ઉપજતુ ન હોય તો ઘરે ચાલ્યા જાઓ , છેલ્લા ત્રીસેક વરસથી ગુજરાતપર ભાજપનુ શાસન રહ્યુ છે. લોકો ખોબલે ખોબલે મતો આપી રહ્યા છે તેમ છતાંય લોકો અનેક પ્રશ્નોથી પીડીત છે. આ ચોમાસામાં તો આખાય ગુજરાતમાં રસ્તાઓની એવી દશા થઈ છે કે ખુદ ગુજરાત સરકારના મતે જ રસ્તાઓ પર ૨૫ હજાર થી વધુ ખાડાઓનુ સમારકામ કરાયુ છે. આ પરથી અંદાજ લગાવી શકાય કે રસ્તાઓની કેવી દશા થઈ હશે. હજુય ઘણા શહેરો અને વિસ્તારોમાં રોડ રસ્તાઓમાં ઠેર ઠેર ખાડા પડયા છે. આ કારણોસર જ સરકાર પર ચારે કોરથી માછલા ધોવાઈ રહ્યા છે. જન આક્રોશ એટલો ભભુકયો છે કે મંત્રીઓ જ નહી ધારાસભ્યો પણ લોકો વચ્ચે જઈ શકે તેવી સ્થિતિમાં નથી.

ગોધરામાં એક કાર્યક્રમમાં શિક્ષણમંત્રી કુબેર ડીંડોરે લોકો પર દોષનો ટોપલો ઢોળતા કહ્યુ કે લોકો નાગરીક ધર્મ જ ભુલી ગયા છે. લોકો હવે કોઈપણ સમસ્યાનો ઉકેલ સરકાર પાસે જ માંગે છે. એવુ ન હોય, જો રસ્તામાં ખાડો પડયો હોય તો કઈ સરકારને ફોન કરાય નહી, જાતે ખાડા પુરો, ખાડો પુરતા કેટલી વાર લાગે, લોકો નાગરીક ધર્મ તો નિભાવે, બધીય કામગીરી કંઈક તંત્ર કે સરકાર જ કરે, કેટલાક કામો તો જનતાએ જાતે પણ કરવા જોઈએ, ટુંકમાં વરસાદી પાણીમાં રસ્તા ધોવાઈ જતા ઠેર ઠેર ખાડા પડયા છે. ત્યારે સ્થાનિક તંત્ર લોકોની ફરીયાદ સાંભળતુ નથી, અધિકારીઓને પ્રજાની સમસ્યા ઉકેલવામાં રસ નથી, ખુદ મંત્રીઓનુ અધિકારીઓ સાંભળવા તૈયાર નથી. આ કારણોસર સરકારની નિષ્ફળતા ઢાંકવા મંત્રી કુબેર ડીંડોરે નાગરીક ધર્મનુ બહાનુ ધરી ગુજરાતની જનતા પર દોષનો ટોપલો ઢોળ્યો છે. જેથી લોકો ભડકયા છે.

# રાજયના ૩ આઈએએસ અધિકારીઓની બદલી કરાઈ : પુરવઠા વિભાગના અગ્ર સચિવ તરીકે મોના ખંધારની બદલી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના વહિવટી તંત્રમાં મોટાપાયે ફેરબદલ જોવા મળી રહ્યો છે. તાજેતરમાં જ રાજય સરકારે ૩ સીનીયર આઈએએસ અધિકારીઓની બદલીના આદેશો જારી કરવામાં આવ્યા છે. તેમજ આ બદલીઓને કારણે વહિવટી તંત્રમાં નવી ગતિશીલતા આવવાની શકયતા છે.

મળતી માહિતી અનુસાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે દિલ્હીમાં મુલાકાત ચર્ચા કર્યા બાદ, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાત્રે જ રાજયના ૩ આઈએએસ અધિકારીઓની બદલીના આદેશ કર્યા હતા. તેમજ મોડી રાત્રે થઈ ૩ સચિવની બદલી થતા તરેહ તરેહની વાત ચર્ચાઈ રહી છે. આઈએએસ અધિકારી મોના ખંધારની બદલી ફુડ અને સીવીલ સપ્લાય વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરી તરીકે નિમણુંક કરવામાં આવી છે. જયારે આરસી મીનાને બંદર તથા વાહન વ્યવહાર




વિભાગમાં પ્રિન્સીપલ સેક્રેટરી તરીકે બનાવાયા છે. પી ભારતીને જીએસટી વિભાગમાંથી ખસેડીને સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગમાં સચિવ તરીકે નિમણુંક કરાઈ છે. મળતી માહિતી અનુસાર ગુજરાત સરકારે તાજેતરમાં ૩ વરીષ્ઠ આઈએએસ અધિકારીઓની બદલીના આદેશ જાહેર કર્યા છે. જેમાં મોના ખંધાર એક અનુભવી આઈએએસ અધિકારીને ખાદ્ય અને નાગરીક પુરવઠા વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરી તરીકે નિયુકત કરવામાં આવ્યા છે. આ વિભાગ રાજયની ખાદ્ય સુરક્ષા અને જાહેર વિતરણ પ્રણાલીનુ સંચાલન કરે છે. જે રાજયની જનતા માટે અત્યંત મહત્વનુ છે. આરસી મીનાને બંદર અને વાહન વ્યવહાર વિભાગના પ્રિન્સીપલ સેક્રેટરી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. ગુજરાતના બંદરો દેશના આર્થીક વિકાસમાં મહત્વની ભુમિકા ભજવે છે અને આ નિયુકિત આ ક્ષેત્રમાં નવી ગતિ લાવવાની અપેક્ષા રાખે છે. પી ભારતીને જીએસટી વિભાગમાંથી હટાવીને વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના સચિવ તરીકે નિયુકત કરવામાં આવ્યા છે આ બદલી રાજયના ટેકનોલોજી આધારીત વિકાસ અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટેનો મહત્વનો નિર્ણય ઘણી શકાય, આ બદલીઓ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની દિલ્હીની મુલાકાત બાદ થઈ છે. જેના કારણે તેનુ રાજકીય અને વહિવટી મહત્વ વધી જાય છે. રાજયના વહિવટી તંત્રમાં આ ફેરફારો સરકારની પ્રાથમિકતાઓ અને નવી નીતિઓના અમલીકરણને ઝડપી બનાવવાના પ્રયાસનો ભાગ હોવાનુ મનાય છે.

# હવે સરકારી શાળાઓમાં શિક્ષકોની ભરતીનુ પણ ખાનગીકરણ કરવામાં આવ્યુંઃ શ્રી સર્વ સેવા સંઘ ભુજ દ્વારા ભરતી કરવામાં આવશે

પ્રતિનિધિ,ગાંધીનગર

એક તરફ શિક્ષકોની અછત છે તો બીજી તરફ સરકારી શાળાઓમાં શિક્ષકોની ભરતીમાં પણ ખાનગીકરણ ચાલી રહ્યુ છે હવે કચ્છમાં સામાજિક સંસ્થાઓ શિક્ષકોની ભરતી કરશે. મુન્દ્રામાં સરકારી શાળાઓમાં ઘટતી શિક્ષક જગ્યાઓ સામાજિક સંસ્થાઓ દ્વારા ભરવામાં આવશે. એક તરફ શિક્ષકોની ભરતી થઈ રહી છે તો બીજી તરફ ખાનગી ભરતી થઈ રહી છે. મુન્દ્રા તાલુકામાં સામાજિક સંસ્થાઓ દ્વારા શિક્ષકોની ભરતી કરવામાં આવશે.

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષકોની ભરતી હવે શ્રી સર્વ સેવા સંઘ ભુજ દ્વારા કરવામાં આવશે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે કામ ચલાઉ ધોરણે ૧૫૦ જગ્યાઓ ભરવામાં આવશે. શિક્ષકોની ભરતી ૯ હજાર



રૂપીયાના માનદ વેતન પર કરવામાં આવશે, સ્વ તારાચંદ છેડાના પુત્ર જીગર છેડાનુ સંગઠન ભરતી કરશે, ભાજપના નેતા અને પુર્વ રાજયમંત્રી સ્વ. તારાચંદ છેડાના પુત્ર જીગર છેડા સંગઠનના પ્રમુખ છે. જયારે સંગઠન દ્વારા ભરતી કરવાની હોય છે ત્યારે પ્રશ્ન એ ઉભો થાય છે કે શુ સરકાર તેની શાળાઓમાં શિક્ષકોની ભરતી નથી કરી શકતી ? તેથી ટ્રસ્ટોએ આ કામ કરવુ પડશે ? થોડા દિવસ અગાઉ જ યોજાયેલી જિલ્લા પંચાયતમાં કોંગ્રેસે હંગામો મચાવ્યો હતો. કોંગ્રેસના કાર્યકરોએ જિલ્લા પંચાયતમાં હંગામો મચાવ્યો હતો જેના કારણે ત્યાં ભારે તણાવ સર્જાયો હતો અને મામલો ગરમાયો હતો. જિલ્લા પંચાયતમાં મામલો ગરમાતા પોલીસને પણ આવવુ પડયુ હતું.

જાણકારી અનુસાર કચ્છ જિલ્લામાં શિક્ષણની ભરતી દિવસે દિવસે કથળી રહી છે અને જિલ્લામાં શિક્ષકોની અછતનો મુદ્દો ગંભીર બન્યો છે, અગાઉ અનેક વખત આવેદનપત્ર આપ્યા બાદ પણ કોઈ નકકર પરીણામ આવ્યુ નથી, હવે કોંગ્રેસ આ મુદ્દે આગળ આવી છે, શિક્ષકોની અછતના મુદ્દે જિલ્લાપંચાયત કચેરીમાં હોબાળો થયો હતો અને સત્તાધારી પક્ષના અધિકારીઓના રાજીનામાની માંગ કરવામાં આવી હતી. જિલ્લા પંચાયત કચેરીમાં પણ ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન પોલીસ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ પણ થયુ હતું.

સરકારી શાળાઓમાં એક તરફ શિક્ષકોની અછત છે જેમાં જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૫૦ ટકા સંસ્થાઓની અછત છે. જેના કારણે જિલ્લામાં શિક્ષણનું સ્તર ઘટી રહ્યુ છે. કચ્છના દુરના ગામડાઓમાં ઘણા સમયથી શિક્ષકોની અછત છે. સરકાર પ્રવેશ ઉત્સવની ઉજવણી કરી રહી છે ત્યારે કચ્છ જિલ્લામાં ૧૬૪૫ પ્રાથમિક શાળાઓ છે જેમાંથી ૧૦૦ શાળાઓમાં એકપણ શિક્ષક નથી. જયારે ૧૫૦ શાળાઓમાં ફકત એક જ શિક્ષક કાર્યરત છે. જિલ્લામાં ૪૭૦૦ શિક્ષકોની અછત છે. આનાથી વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર પડી રહી છે.

હીરપરા પરિવાર પર આભ તૂટ્યું!

# બે બહેનોના એકના એક ભાઈ અને પિતાનું વીજ કરંટથી મોત

## વાડીમાં મોટર ચાલુ કરતાં પિતાને બચાવવા જતાં પુત્રનો પણ જીવ ગયો; બિલિયાળા ગામમાં શોકનો માહોલ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગોંડલ

રક્ષાબંધન પહેલા ગોંડલના બિલીયાળા ગામના હિરપરા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. વીજ કરંટની ઘટનામાં પિતા અને પુત્રનું એકસાથે મોત નિપજ્યું છે. જેને કારણે બે બહેનોએ એકનો એક ભાઈ ગુમાવ્યો. આમ, હીરપરા પરિવારે મોભી અને વ્હોલસોયા ભાઈને ગુમાવ્યાથી હૈયાફાટ રુદન કર્યું. ગોંડલના બિલીયાળા ગામે વિજકરંટ લાગતા પિતાપુત્રના ઘટના સ્થળે મોત નિપજ્યા છે. બિલીયાળા ગામની સીમમાં કૂવાની મોટર ચાલુ કરવા જતા પિતાપુત્રને ઓરડીમાં વિજકરંટ લાગતા મોત નિપજવાની ઘટનાથી ચકચાર મચી ગઈ ચે. પિતાપુત્રને વાડીની ઓરડીમાં જોરદાર વિજકરંટ લાગતા ફંગોળાઈ જવાની એકસાથે મોત થયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટનામાં ભીખાભાઈ ભોવનભાઈ હિરપરા (ઉ.વ.૫૫) અને ક્રિસ ભીખાભાઈ હિરપરા (ઉ.વ.૧૯) ના મોત નિપજ્યા છે. મૃતક પુત્ર ક્રિશ રાજકોટ આત્મિય કોલેજમાં BBAના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હોવાની સાથે બે બહેનોને એકનો એક ભાઈ હતો. રક્ષાબંધન પહેલા જ બે બહેનોના એકના એક ભાઈનું મોત નિપજતા બહેનોમાં પણ હૈયાફાટ રૂદન જોવા મળ્યું. બિલીયાળા ગામે મૃતકના પરિવારજનોમાં હૈયાફાટ રૂદન સાથે ગ્રામજનોમાં શોકનો માહોલ જોવા મળ્યો. ભીખુભાઈના પરિવારમાં હવે તેમના પત્ની અને બે દીકરી જ રહ્યા છે. જો કે, બંને દીકરીના લગ્ન થઈ ગયા છે. બંને મૃતદેહોને ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવ્યા છે. તો ગોંડલ તાલુકા પોલીસ, પીજીવીસીએલ સહિતના ઘટના સ્થળે દોડી જઈને તપાસ હાથ ધરી. તો બીજી તરફ, ઘટનાની જાણ થતાં સ્થાનિક અગ્રણી ગણેશસિંહ જાડેજા, બીલયાળા સરપંચ દીપકભાઈ (લાલો) રૂપરેલીયા, શહેર ભાજપ પ્રમુખ સમીરભાઈ કોટડીયા, યાર્ડના વા. ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજા, જયદીપસિંહ જાડેજા સહિતના લોકો સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

# ચુંટણીપંચે બુથ લેવલ ઓફીસરોનુ મહેનતાણું બમણું કર્યુઃ બીએલઓ સુપરવાઈઝરોને વાર્ષિક રૂ.૧૮ હજાર મળશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ચુંટણીપંચે બુથ લેવલ ઓફીસરોનુ મહેનતાણું બમણું કર્યુ છે. એક નિવેદનમાં ચુંટણીપંચે જણાવ્યુ છે કે સુધારેલા માળખા મુજબ બીએલઓ નુ વાર્ષિક મહેનતાણું ૬ હજાર રૂપીયાથી બમણું કરીને ૧૨ હજાર રૂપીયા કરાયુ છે. મતદાર યાદીઓની સુધારણા માટે




બીએલઓને પ્રોત્સાહનની રકમ ૧ હજાર થી વધારીને ૨ હજાર રૂપીયા કરાઈ છે. મતદાર યાદીની તૈયારી પ્રક્રિયાની દેખરેખ રાખવામાં મહત્વપૂર્ણ ભુમિકા ભજવતા બીએલઓ સુપરવાઈઝરોને હવે વાર્ષિક ૧૮ હજાર રૂપીયા મળશે.

ચુંટણીપંચે પહેલીવાર ચુંટણી નોંધણી અધિકારીઓ-ઈઆરઓ અને સહાયક ચુંટણી નોંધણી અધિકારી-એઈઆરઓ ને માનદ વેતન આપવાનુ શરૂ કર્યુ છે. ઈઆરઓને ૩૦ હજાર રૂપીયા, જયારે એઈઆરઓને ૨૫ હજાર રૂપીયા માનદ વેતન મળશે.

ચુંટણીપંચે બિહાર થી શરૂ થતા ખાસ સઘન નિરીક્ષણ સુધારા-એસઆઈઆર માટે બીએલઓ ને ૬ હજાર રૂપીયાના ખાસ પ્રોત્સાહનને પણ મંજુરી આપી છે.